# શ્રી વીર જિન-સ્તવન

વીર પ્રભુજી મોક્ષ પધાર્યા ગૌતમ કેવળજ્ઞાન રે,
વીરજીનું શાસન ઝૂલે રે.

દેવ દેવેન્દ્ર મહોત્સવ કરે જ્યાં દિન દિવાળી ઉજવાય રે,
વીરજીનું શાસન ઝૂલે રે.

શૈલેશીકરણે ચડ્યા પ્રભુજી અયોગીપદ ધર્યું આજ રે,
વીરજીનું શાસન ઝૂલે રે.

સર્વે કર્મનો ક્ષય કરીને સિદ્ધપદ પ્રાપ્ત થાય રે,
વીરજીનું શાસન ઝૂલે રે.

પાવાપુરી સિદ્ધક્ષેત્રે પ્રભુજી સમશ્રેણી કહેવાય રે,
વીરજીનું શાસન ઝૂલે રે.

નિર્વાણકલ્યાણક સુરપતિ ઊજવે સ્વર્ગેથી ઊતરી આજ રે,
વીરજીનું શાસન ઝૂલે રે.

અખંડાનંદ સ્વરૂપ પ્રગટાવી પહોંચ્યા શિવપુર ધામ રે,
વીરજીનું શાસન ઝૂલે રે.

દેવ દુંદુભી વાજીંત્ર વાગે નિર્વાણમહોત્સવ થાય રે,
વીરજીનું શાસન ઝૂલે રે.

ત્રીશ વર્ષ પ્રભુ દિવ્યધ્વનીનો અપૂર્વ છૂટ્યો ધોધ રે,
વીરજીનું શાસન ઝૂલે રે.

ધ્વનિ સુણીને ભવ્ય જીવોનાં હૃદયપટ પલટાય રે,
વીરજીનું શાસન ઝૂલે રે.

વીરના વારસ કહાન ગુરુજી વર્તાવે જય જયકાર રે,
વીરજીનું શાસન ઝૂલે રે.